ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૧૬/૧૮-૧૯/ 3915 તારીખ: -1 SEP 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ગુણાભાઈ મોહનભાઈ ડોબા,
ગામ: વરલ, તા.શિહોર,
જી.ભાવનગર-૩૬૪ ૨૬૫.
મો.૯૫૩૭૦ ૫૩૨૧૭.

**કેસ નં.: ૧૫/૧૮-૧૯**

**વિષય: નવા ખેતીવાડી કનેકશન (એસ.આર.નં.૩૯૭૯૨૮૯) બાબત.**

સંદર્ભ: (૧) આપનો પત્ર તા.૧૦-૦૪-૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬/૧૮-૧૯/૧૭૧૭ તા.૧૬/૦૪/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૬/૧૮-૧૯/૩૬૮૧ તા.૧૩/૦૮/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૭/૦૮/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, ગ્રામ્ય-ભાવનગર

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, શિહોર-ગ્રામ્ય.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૧૬/૧૮–૧૯**

વાદી :– શ્રી ગુણાભાઈ મોહનભાઈ ડોબા

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૨૭/૦૮/૨૦૧૮**

હાજર રહયા :– શ્રી ગુણાભાઈ મોહનભાઈ ડોબા

પ્રતિવાદી :– શ્રીમતી પંકિતબેન ત્રિવેદી, નાયબ ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ગુણાભાઈ મોહનભાઈ ડોબા, ગામઃ વરલ, તા.શિહોર, જી.ભાવનગર ની નવા ખેતીવાડી કનેકશન (એસ.આર.૩૯૭૯૨૮૭) બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૬ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૧૬ / ૧૮–૧૯/૧૭૧૭ તા.૧૬/૦૪/૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૭/૦૮/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી હાજર રહેલ છે, તથા પ્રતિવાદી શ્રીમતી પંકિતબેન ત્રિવેદી, નાયબ ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી ગુણાભાઈ મોહનભાઈ ડોબા, મુ.વરલ, તા.સિહોર ધ્વારા તા. ૦૨–૦૭–૨૦૧૨ ના રોજ શિહોર રુરલ ઓફીસ ખાતે સ.નં. ૧૪૫ /૮ માં ખેતીવાડી વીજ જોડાણ મેળવવા અરજી કરેલ.

૧.૨ આ અરજીના અનુધાને અમોને તા.૧૪–૦૩–૨૦૧૬ ના રોજ કોટેશન આપવામાં આવેલ. આ કોટેશનમાં રૂપિયા ભરવાની છેલ્લી તા.૧૧–૦૪–૨૦૧૬ હતી. આ સમયે અમારા કુટુંબના એક સભ્ય મૃત્યુ પામેલ જેથી અમો તેમની વિધીમાં હતા.

..❷..

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

૧.૩ તે દરમ્યાન ઉપરોકત કોટેશન અમોને ઘરે ટપાલી આપની જતા રહેલ, અને અમો વિધિમાં હોવાથી આ કોટેશન ઘરના એક સભ્યે પેટીમાં મુકી દીધેલ. ત્યારબાદ અમોએ શિહોર ઓફીસે તપાસ કરાવતા ઓફીસ ધ્વારા જણાવેલ કે તમારું કોટેશનની તારીખ જતી રહેલ છે. જેથી તમને આ કનેકશન મળે નહી.

૧.૪ પરંતુ સાહેબ અમો ગરીબ ખેડુત છીએ અમો આખો દિવસ ખેતીવાડીમાં કાળી મજુરી કરી અમારુ ગુજરાન ચલાતા હોઈએ છીએ અને વરસો પહેલા માંગેલ અમારું કનેકશન પાસ થઈને આવેલ હોય તો આ ખેતીવાડી વીજજોડાણનું કોટેશનની સમય મર્યાદા વધારી આપી અમોને કનેકશન મળે એવી અમારી અરજ છે.

**પ્રતિવાદીશ્રીની રજુઆતઃ- તેમની રજુઆત છે કે,**

૧.૧ વાદી શ્રી ગુણાભાઈ મોહનભાઈ ડોબા, રહે.વરલ ની રજુઆત મુજબ તેઓ ધ્વારા વરલ ગામના રે.સ.નં.૧૪૧ પૈકી ૧૧ માં રૂા.૨૦૦/- ભરપાઈ કરી સામાન્ય યોજના હેઠળ તા.૦૨-૦૭-૨૦૧૨ માં નવા ખેતીવાડી વીજ જોડાણની માંગણી કરેલ, કે જેની એસ.આર.નં.૩૯૭૯૨૮૯ છે.

૧.૨ કંપની નિયમોનુસાર સદર નવા ખેતીવાડી વીજ કનેકશન નો વારો આવતા સર્વે નં.૧૪૧ પૈકી ૧૧ માં સર્વે કરી તા.૧૪-૦૩-૨૦૧૬ ના રોજ પત્ર નં.૨૭૪૦ થી સદર ટી.એસ.બનાવેલ હતી.

૧.૩ સદર ટી.એસ. બાદ પત્ર નં.૨૭૩૯ તા.૧૪-૦૩-૨૦૧૬ ના રોજ સદર નવા ખેતીવાડી વીજકનેકશન માટેનું અંદાજપત્ર અરજદારને પાઠવવામાં આવેલ કે જે ભરવાની અંતિમ તા.૧૧-૦૪-૧૬ હતી.

૧.૪ ત્યારબાદ તા.૧૯-૦૪-૧૬ ના રોજ શ્રી ગુણાભાઈ મોહનભાઈ ડોબા ધ્વારા ઘરમાં મરણ થઈ ગયેલ હેવાની અંદાજપત્રની અંતિમ તારીખ બાદ સદર અંદાજપત્રની મુદત વધારાની અરજી આવેલ.

૧.૫ પરિપત્ર નં.જીયુવીએનએલ/ટિક/એજી/૨૧૮૯ તા.૨૪-૧૦-૨૦૧૩ મુજબ સદર અંદાજપત્રની અંતિમ તારીખ બાદ એક મહીનાની અંદર જો અરજદાર ધ્વારા ખેતીવાડીના અંદાજપત્રના મુદત વધારા માટેની અરજી આવે તો તેનો મુદત વધારો કરી આપવો પરંતુ જે તે વખતે પેટા વિભાગીય કચેરી ધ્વારા મુદત વધારો કરેલ ન હતો.

૧.૬ વધુમાં આપ સાહેબશ્રીને જણાવવાનું કે તા.૧૯-૦૪-૧૬ બાદ અરજદાર શ્રી ધ્વારા પેટા વિભાગીય કચેરી ખાતે કોઈ પ્રકારનો પત્ર વ્યવહાર કે મૌખિક રજુઆત નવા વીજ કનેકશન માટે કરેલ ન હતી.

૧.૭ હાલમાં સદર સર્વે નં.૧૪૫ પૈકી ૮ માં મંજુર થયેલ ખેતીવાડી કનેકશન પર સ્થળ ચકાસણી કરતા સદર સર્વે નંબર પર કોઈ વીજ લાઈન કે વીજ પોલ ઉભા નથી તેમજ સદર સર્વે નંબર પર કોઈ પીડીસી કે ચાલુ વીજ જોડાણ પણ જોવા મળેલ નથી અને આ બાબતનુ નાયબ ઈજનેર સિશહોર ગ્રામ્ય નુ પ્રમાણપત્ર અને રોજકામ પણ આ સાથે સામેલ છે.

૧.૮ આમ, સદર અંદાજપત્રનો મુદત વધારો જે તે વખતે ન થવા ને લીધે અરજદારનાં નવા ખેતીવાડી વીજ કનેકશન માટેની કાર્યવાહી કરવામાં આવેલ ન હતી. વધુમાં સદર અરજદારની માંગણી જુની હોય અને ખેતીવાડી કનેકશનની અરજદારને જરુર હોય સદર કનેકશન અરજદારને મળી રહે તે માટેની ભલામણ કરવામાં આવે છે.

**<u>ફોરમનું તારણ</u> :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ગુણાભાઈ મોહનભાઈ એ ગામ વરલમાં સ.નં.૧૪૫ પૈકી ૮ માં તા.૨-૭-૧૨ ના રોજ નવા ખેતીવાડી નાં વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ. જે માટે પ્રતિવાદીએ તા.૧૪-૩-૧૬ ના રોજ વાદીને અંદાજપત્ર પાઠવેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૧૧-૪-૧૬ ના રોજ હતી.

Consumer Grievance Redressal Forum * F.G V.C.L. Bhavnagar

..૩..

૩.૨ વાદીની રજુઆત છે કે અંદાજપત્ર આપવાનાં સમય દરમ્યાન તેમનાં ઘરમાં મરણ થયેલ હોવાથી અંદાજપત્ર ભરી શકેલ નહી તેમજ તા.૧૯-૪-૧૬ ના રોજ અંદાજપત્રની સમય મર્યાદા ૨ માસ વધારી આપવા માટે અરજી કરેલ.

૩.૩ પ્રતિવાદીએ મુદત વધારાની અરજીને ધ્યાનમાં લઈ તેની મંજુરી માટે કાર્યવાહી કરેલ, જે મંજુર થયેલ પરંતુ પ્રતિવાદીએ વાદીને તેના અંદાજપત્રની સમયમર્યાદા વધારવા અંગેની મંજુરીની કોઈ જાણ કરેલ નહી. તેથી વાદી અંદાજપત્ર ભરી શકેલ નહી.

૩.૪ વાદીએ અંદાજપત્રની સમયમર્યાદા વધારવા માટે પ્રતિવાદીની કચેરીમાં અરજી કરેલ પરંતુ સમયમર્યાદા વધારેલ અંગેનું પત્રક પ્રતિવાદીએ વાદીને મોકલેલ નહિ, પ્રતિવાદીએ નવા વીજ જોડાણ માટેનું અંદાજપત્ર આપવું.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં.૩.૪ મુજબ હુકમ મળ્યેથી દિવસ-૧૫ માં વાદીને નવું અંદાજપત્ર આપવું.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :-૨૭/૦૮/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar